પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧૮ | ૩૦ જાન્યુઆરી, ૨૦૨૧, શનિવાર; પોષ વદ - ૨ | પાનાં - ૧૨ કિંમત રૂ. ૨.૦૦

# ટિકૈતના આંસુથી આંદોલનને નવો વળાંક

## ટિકૈતના આંસુઓએ આંદોલનને સમેટવાની આશા પર પાણી ફેરવી દીધું : ગાઝીપુર-દિલ્હી સરહદે કાયદો રદ કરાવવા ખેડૂતોનો જમાવડો



નવી દિલ્હી, તા. ૨૯

બે મહિનાથી ચાલી રહેલા ખેડૂત આંદોલનને નવી ગતિ મળી છે. દિલ્હી-ગાઝીપુર બોર્ડર પર ખેડૂતોનો જમાવડો થયો છે. શુક્રવાર સવારે હજારોની સંખ્યામાં ખેડૂતો અલગ-અલગ જગ્યાઓથી પહોંચ્યા છે. આ દરમિયાન ભારતીય કિસાન યૂનિયનના નેતા રાકેશ ટિકૈત માટે ગામથી પાણી અને છાશ આવી હતી. રાકેશ ટિકૈતે જાહેરાત કરી હતી કે તેઓ ઉપવાસની શરૂઆત કરી રહ્યા છે અને જ્યાં સુધી તેમના ગામથી પાણી નહીં આવે તો તેઓ પાણી નહીં પીવે.

**રાકેશ ટિકૈત માટે તેમના ગામથી પાણી અને છાશ આવ્યા, નરેશ ટિકૈત અને અજિતસિંહનું આંદોલનને સમર્થન : કાયદો રદ કરાવવા મુદ્દે ખેડૂતો મક્કમ**

હવે શુક્રવાર સવારે ગામથી આવેલા ખેડૂતો પાણી અને છાશ લઈને પહોંચ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે પોલીસે પાણી બંધ કરી દીધું છે, અમે આખા ગાઝિયાબાદને જ પાણીથી ભરી દેશું. ઉલ્લેખનીય છે કે ગાઝીપુર બોર્ડર પર પાણીની સુવિધા બંધ કરી દેવામાં આવી, સાથે જ અહીં ઉભેલા અસ્થાઈ શૌચાલયોને હટાવી દેવામાં આવ્યા હતા. જો કે જે વીજળી કાપવામાં આવી હતી તે ફરી જોડી દેવામાં આવી. શુક્રવાર સવારે મુઝફ્ફરનગર, બાગપત, બિજનૌર જેવા વિસ્તારોમાં મોટી સંખ્યામાં ખેડૂતો પહોંચી રહ્યા છે.

રાષ્ટ્રીય લોકદળના નેતા જયંત ચૌધરી પણ શુક્રવાર સવારે

● અનુસંધાન પાન-૧૧ પર

## બાપુને શત્ શત્ વંદન



રાષ્ટ્રપિતા ગાંધીજીની પૂણ્યતિથિએ તેમના ચરણોમાં શત્ શત્ વંદન... દેશ અને દુનિયાને સત્ય અને અહિંસાનો માર્ગ બતાવી જીવનની યથાર્થતા પૂરવાર કરનાર યુગપુરુષ ગાંધી સાચે જ વિશ્વના મહામાનવ પૂરવાર થયા... ભારતની આઝાદીના જંગના અહિંસક સેનાની ગાંધીએ દુનિયાને અને દેશને નવી દિશા આપી... મારું જીવન એજ મારો સંદેશ કહી જીવનની પારદર્શકતા અભિવ્યક્ત કરી કરોડો માનવોના હૃદયમાં સ્થાન મેળવનાર પૂજ્ય બાપુને શત્ શત્ વંદન...

# સિંધૂ બોર્ડર પર સર્જાયું સમરાંગણ

## ખેડૂતો-સ્થાનિકો વચ્ચે ઘર્ષણ પોલીસે ટિયર ગેસ છોડ્યા : શુક્રવારે સવારે દિલ્હી સિંઘુ બોર્ડર પર મોટી સંખ્યામાં લોકો ખેડૂત પ્રદર્શનકારીઓની વિરુદ્ધ પ્રદર્શન કરવા આવ્યા



નવી દિલ્હી, તા. ૨૯

દિલ્હીની સિંઘુ બોર્ડર પર જોરદાર બબાલ ચાલુ થઈ છે. અહીં પર ખેડૂત પ્રદર્શનકારીઓ અને સ્થાનિક પ્રદર્શનકારીઓની વચ્ચે પથ્થરમારો થયો છે. સાથે જ બંને જૂથોની વચ્ચે ઘર્ષણ થયું છે. બબાલની વચ્ચે રહેલી પોલીસે પણ પ્રદર્શન કરી રહેલા લોકો પર લાઠીચાર્જ કર્યો છે. શુક્રવારની સવારે જ દિલ્હી ની સિંઘુ બોર્ડર પર મોટી સંખ્યામાં લોકો ખેડૂત પ્રદર્શનકારીઓની વિરુદ્ધ પ્રદર્શન કરવા આવ્યા હતા. અહીં તિરંગે કા અપમાન, નહી સહેગા હિન્દુસ્તાનના નારા લાગ્યા અને તરત હાઈવે ખાલી કરવાની માગ કરી છે. બંને ટોળા વચ્ચે ચાલી રહેલા પથ્થરમારા અને સંઘર્ષ વચ્ચે પોલીસે પણ લાઠીચાર્જ કર્યો છે અને પ્રદર્શનકારીઓને રોકવાનો પ્રયત્ન કર્યો છે. જો કે આ બબાલની વચ્ચે અનેક લોકો ઘાયલ થયા છે અને પોલીસ કર્મચારીઓને પણ ઈજા થઈ હોવાના સમાચાર છે. ઉલ્લેખનીય છે કે શુક્રવારના સવારે જ દિલ્હી સિંઘુ બોર્ડર પર મોટી સંખ્યામાં લોકો ખેડૂત પ્રદર્શનકારીઓની વિરુદ્ધ પ્રદર્શન કરવા આવ્યા હતા. ગુરૂવારના સ્થાનિક લોકોએ સિંઘુ

● અનુસંધાન પાન-૧૧ પર

# અર્થતંત્ર ઝડપથી સુધરશે, ૧૧.૫ ટકા વૃદ્ધિનું અનુમાન

## બજેટ પહેલાં નાણાંમંત્રી સીતારમણે સંસદમાં આર્થિક સમીક્ષા રજૂ કરી : નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૬.૮ ટકા વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર રહેશે

ન્યુ દિલ્હી,તા.૨૯

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણએ શુક્રવારે સંસદમાં આર્થિક સમીક્ષા રજૂ કરી. ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા સામાન્ય બજેટ પહેલા સંસદના માળખા પર રાખવામાં આવેલી સમીક્ષામાં અર્થવ્યવસ્થાની સ્થિતિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. મુખ્ય આર્થિક સલાહકાર કૃષ્ણમૂર્તિ વેંકટ સુબ્રમણ્યમની અધ્યક્ષતાવાળી ટીમે ૨૦૨૦-૨૧ માટે આર્થિક સમીક્ષા તૈયાર કરી છે.

આમાં, અર્થવ્યવસ્થાના વિવિધ ક્ષેત્રો વિશે માહિતી આપવાની સાથે, આર્થિક વિકાસને વેગ આપવા માટે વધુ સુધારા માટે સૂચનો કરવામાં આવ્યા છે. તેમાં જણાવ્યું છે કે, કોરોના વાયરસ મહામારી અને તેના નિવારણ માટે લાદવામાં આવેલા ’લોકડાઉન’થી પ્રભાવિત અર્થવ્યવસ્થામાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ઝડપથી પુનઃપ્રાપ્તિની અપેક્ષા છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દર ૨૩.૯ ટકા, જ્યારે બીજા ત્રિમાસિક ગાળામાં ૭.૫ ટકાનો ઘટાડો આવ્યો છે. સમગ્ર નાણાકીય વર્ષમાં ૭.૭ ટકાના ઘટાડાનું અનુમાન છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં જીડીપી (જીડીપી)નો વૃદ્ધિ દર ૧૧ ટકા હોવાનો અંદાજ છે. ઈકોનોમી સર્વેમાં ઈકોનોમીમાં V-shaped રિકવરીનો અંદાજ

● અનુસંધાન પાન-૧૧ પર

# દિલ્હીમાં ઈઝરાઈલ દૂતાવાસ નજીક આઈઈડી બ્લાસ્ટ : જાનહાની ટળી

## બ્લાસ્ટમાં ચાર થી પાંચ કારને નુકસાન થયુ હોવાના અહેવાલ



ન્યુ દિલ્હી,તા.૨૯

દિલ્હીમાં ઈઝરાયેલ એલચી કચેરી પાસે આઈઈડી બ્લાસ્ટ થયાના સચ્માચાર મળી રહ્યા છે. દેશની રાજધાની દિલ્હીમાં ઈઝરાયલી દૂતાવાસમાં થયેલા વિસ્ફોટોથી થોડા સમય માટે અફરાતફરી સર્જાઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર બ્લાસ્ટ નજીવો હતો અને તેમાં કોઈને ઈજા થઈ નથી. બ્લાસ્ટને કારણે ચાર-પાંચ કારને નુકસાન થયું છે.

દિલ્હી પોલીસે ની સ્પેશિયલ સેલની ટીમ પણ અત્યારે હાલ ઘટનાસ્થળ પર પહોંચી ગઈ છે પ્રાથમિક માહિતી દિલ્હી પોલીસ દ્વારા મળી રહી છે જેમાં કોઈ પણ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હોવાના સમાચાર નથી. દિલ્હી પોલીસ દ્વારા બ્લાસ્ટ ના સમાચારની પુષ્ટિ કરવામાં આવી છે. સમગ્ર વિસ્તારને સીલ કરવામાં આવ્યો છે.

જ્યાં એક બાજુ રાજધાનીની બોર્ડર પર ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે અને રાજધાનીના વિજય ચોકમાં ભારતીય સુરક્ષા દળો તેમની પરંપરાગત બિટિંગ ધ રીટ્રીટ સેરેમની ઉજવી રહ્યા છે ત્યારે આ બ્લાસ્ટની ઘટનાને લઈને વધુ સાવચેતી રાખવાની જરૂર ઊભી થઈ હોય તેવુ જણાઈ રહ્યું છે.

# ભારતની કોરોના રસીની ઉત્પાદન ક્ષમતા વિશ્વમાં શ્રેષ્ઠ : યુએન સેક્રેટરી

ન્યૂયોર્ક,તા.૨૯

યુનોના મહામંત્રી એન્ટોનિયો ગુતારેસે ભારતની કોરોના રસીની ઉત્પાદન ક્ષમતાને બિરદાવી હતી અને કહ્યું હતું કે ભારતની કોરોના રસી વિશ્વની સૌથી શ્રેષ્ઠ સંપત્તિ હતી.

તેમણે કહ્યું કે સમગ્ર વિશ્વ આ રસીનો ભરપુર ઉપયોગ કરશે એવી મને આશા છે. ‘કોરોનાની રસીની બાબતમાં ભારત મહત્ત્વનું પ્રદાન કરશે એવી મને આશા છે. ભારત પાસે બધી જાતની સાધનસામગ્રી છે અને દુનિયાભરમાં રસીકરણના કાર્યમાં ભારતની ભૂમિકા મહત્ત્વની બની રહેશે. ભારતના પ્રયાસોથી વૈશ્વિક રસીકરણનો કાર્યક્રમ સફળ થશે.’

ભારતે પાડોશી દેશોને રસીના લાખો ડૉઝ આપ્યા છે એવા સમયે ગુતારેસના આ શબ્દો મહત્ત્વના બની રહે છે. પાડોશી દેશો ઉપરાંત ભારતે ઓમાન, નિકારાગુઓ, પેસિફિક આયલેન્ડ સ્ટેટ્સ અને કેરિકોમ દેશોને પણ કોરોનાની રસી આપવાનો કાર્યક્રમ બનાવ્યો છે.

ભારતમાં પૂણેની સીરમ ઈન્સ્ટીટ્યુટ અને ભારત બાયોટેકે વિરાટ પાયા પર કોરોનાની રસી બનાવવાનો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ અમલમાં મૂક્યો હતો.

● અનુસંધાન પાન-૧૧ પર














